# અર્થશાસ્ત્રી

અર્થશાસ્ત્રીઓ લોકો અને તેમની પસંદગીઓનો અભ્યાસ કરે છે અને લોકો ચોક્કસ નિર્ણયો શા માટે લે છે તે સમજવાનો પ્રયાસ કરે છે. તેઓ અર્થતંત્ર કેવી રીતે કાર્ય કરે છે તેની સંપૂર્ણ સમજ ધરાવે છે. અર્થશાસ્ત્રીઓ વ્યવસાયો, કંપનીઓ, બ્રાન્ડ્સ અથવા તો સરકારને આર્થિક અને નાણાકીય સલાહ આપે છે. તેઓ કંપનીના વ્યવસાયનું મૂલ્યાંકન કરવા અને આર્થિક દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને વ્યૂહરચનાને લગતા સૂચનો આપવા માટે પણ જવાબદાર છે. તેઓ દેશની અર્થવ્યવસ્થાને સુધારવા માટે નાણાકીય નિર્ણયો લેવામાં સરકારો અને સંસ્થાઓને માર્ગદર્શન આપે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે આંકડા અને ડેટાનું સંચાલન સહજ રીતે કરી શકો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે ગણિત, અર્થશાસ્ત્ર અને એકાઉન્ટિંગમાં કુશળ છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ગણિત વિષય સાથે ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. આર્ટ્સમાં અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક (BA) ની ડિગ્રી મેળવો, ત્યારબાદ અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. પછી તે જ અથવા સંબંધિત શિસ્તમાં પી.એચ.ડી. પૂર્ણ કરો. **અથવા**

અર્થશાસ્ત્ર વિષય સાથે મેનેજમેન્ટ સ્ટડીઝ (BMS) / બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ બિઝનેસ ઈકોનોમિક્સમાં, એમ.બી.એ. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અર્થશાસ્ત્રીનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૦૦૦ થી ૧,૬૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Economist/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી બેંકો, ફાઈનાન્સ કંપનીઓ, વૈશ્વિક પેઢીઓ, સરકારી અને ખાનગી કોલેજો/યુનિવર્સિટીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી અને ખાનગી કંપનીઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે તમે સ્વતંત્ર રીતે, ઓફિસમાં કામ કરશો. તમે અન્ય અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ સાથે મળીને કામ કરી શકો છો, કેટલીકવાર ટીમ સાથે પણ કામ કરો છો. ફરજના ભાગરૂપે તમારે મુસાફરી કરવાની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મિરાન્ડા હાઉસ, દિલ્હી યુનિવર્સિટી, નવી દિલ્હી
૨. એચ.એન.જી.યુ., પાટણ
૩. હિન્દુ કોલેજ, નવી દિલ્હી
૪. એમ.એસ.યુ., સુરત
૫. ન્યુ કોલેજ ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ચેન્નાઈ
૬. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૭. વી.એન.એસ.જી.યુ., સુરત
૮. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, નવી દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ફર્ગ્યુસન કોલેજ, પુણે
૨. એલ.જે.આઈ.એમ.સી., અમદાવાદ
૩. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૪. સેન્ટ એન્ડ્રૂઝ કોલેજ ઓફ આર્ટસ સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ
૫. પી.એસ.જી. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઈમ્બતુર
૬. રાની બિરલા ગર્લ્સ કોલેજ, કોલકાતા
૭. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૮. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક અર્થશાસ્ત્રી → અર્થશાસ્ત્રી → મુખ્ય અર્થશાસ્ત્રી **અથવા**
સહાયક અર્થશાસ્ત્રી → અર્થશાસ્ત્રી → શિક્ષક/પ્રોફેસર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બિઝનેસ એનાલિસ્ટ, ફાઈનાન્સિયસ એક્સપર્ટ, ઈકોનોમિસ્ટ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ગીતા ગોપીનાથ**, વિશ્વભરની મહિલા અર્થશાસ્ત્રીઓમાં અગ્રણી નામો પૈકીનું એક નામ છે. તે જાન્યુઆરી ૨૦૨૨થી ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈ.એમ.એફ)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપનાર પ્રથમ અર્થશાસ્ત્રી છે. આ પહેલા, તેણીએ વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૨ વચ્ચે આઈ.એમ.એફ.ના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે સેવા આપી હતી. તેણીએ લેડી શ્રી રામ કોલેજમાંથી સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. દિલ્હી યુનિવર્સિટી અને દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી અનુસ્નાતકની પદવી હાંસલ કરી. *

સ્રોત:https://www.shethepeople.tv/shestars/fiVe-indian-women-economists

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.